# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન –૨૪ તીર્થક્ષેત્રોનો ઉદ્ભવ,વિકાસ અને મહત્વ

વ્યાખ્યાતા- શ્રી શિલ્પાબેન છેડા

તારીખ – ૨૭/૦૫/૨૦૨૩

જ્યારે તીર્થયાત્રા શબ્દ આવે ત્યારે આપણે સૌથી પહેલા એ ધ્યાન રાખવું જોઈએ કે તીર્થયાત્રા કોણ કરે? કોને કરવી અને યાત્રાળુ ગ્રામ એ કોને કહેવાય તો યાત્રાળુ એટલે શું એ બહુ મહત્વનું છે અને આપણે જે પણ ઘણા બધા આપણે જે જોયા નમુના જે જોયા સ્થાપત્યના જે નમુના જોયા એનું પણ થોડુંક તથા યાત્રાના સ્થળોનું પણ થોડુંક સંક્ષિપ્ત માં પરિચય મેળવીએ .આપણે જ્યારે યાત્રા ની વાત કરીએ તો તીર્થક્ષેત્રના ચાર પ્રકાર આવેલા છે. પહેલું જે કલ્યાણક ક્ષેત્ર જ્યાં વિવિધ તીર્થંકરોના કલ્યાણક થયેલા છે જેમ કે સમિત શિખર ગીરનાર અષ્ટાપદ આજે જ્યાં વધારે ને વધારે નિરવાણ ભૂમિ છે. પાવાપુરી ચંપાપુરી ચંપાપુરી વિશેષ થાય કારણ કે વાસુપૂજ્ય સ્વામીના પાંચે પાંચ કલ્યાણક ત્યાં થયા છે. એ પછી આવે છે વારાણસી. વારાણસી એ ત્યાં ચાર તીર્થંકરોના ચાર ચાર કલ્યાણકો થયેલા છે તો આ સોલસ કલ્યાણક ભૂમિ છે જ્યાં પાર્શ્વર્નાથ વેલુપુર, સુપાર્શ્વર્નાથ ભદૈની, ચંદ્ર પ્રભુ ચંદ્ર ગીરી, શ્રેયાંશ નાથ સોરી પુરી આ ચાર બનારસના એરિયામાં છે  નિરવાણ કલ્યાણક છે એ સમ્મેત શિખર માં થયેલા છે એટલે વારાણસી એ ખાલી હિન્દુ ધર્મ માટે કે બૌદ્ધ ધર્મ માટે નથી પણ જૈન ધર્મ માટે પણ વિશેષ છે. કાશી  એ ભણવાનું એક તીર્થક્ષેત્ર પણ હતું ત્યાં ઘણા બધા આચાર્યો એ વાદવિવાદ પણ કર્યા છે. જેટલા પણ મહાન વિદ્વાનો હતા બધા કાશી જ હતા. કાશીમાં ત્યાં અભ્યાસ કરાવતા અને ત્યાંના સમયમાં જે વાદવિવાદ જે તત્વજ્ઞાનનું વિષય છે એ શીખવાડવામાં આવતો હતો અને વિદ્વાનોની મોટી યુનિવર્સિટી નાલંદા ની આસપાસ છે. જોકે એ તો પ્રાચીનકાળમાં હતી હવે તો નથી પણ ત્યાં એ મોટી યુનિવર્સિટી હતી. કાશી મોટી યુનિવર્સિટી હતી પ્રાચીન કાળમાં. પ્રાચીન કાળમાં જેમ ઉજ્જૈન તક્ષશિલા આવી બધી જ

ભારતની વિશિષ્ટ લોકો ભણતા હતા જ્યાં સાધુ વિશેષ કરીને અભ્યાસ કરતા હતા હિંદુ પંડિતો જ્યાં વાદ શિખતા હતા. એ ભારતમાં એક વિશેષ પરંપરા રહી છે અને એને શીખવું પડે કે એ કેવી રીતે વાદ કરવો તો આ બધું આ બધી વાદની વિશેષ યુનિવર્સિટી હતી. જ્યારે આપણે કલ્યાણ ક્ષેત્રની વાત કરીએ ત્યારે ઉત્તર ભારતમાં બધી જ હસ્તિનાપુર અયોધ્યા શ્રાવસ્તી મથુરા આ બધા વગેરે ક્ષેત્ર માં વિશેષ કરીને કલ્યાણકો થયા છે એટલે આ બધા વિશેષ સ્થાનકો છે અને આ બધા અવસરપીણીકાળના ચોવીસી ના બધા જ તીર્થંકરો ઉત્તર ભારતના જે મહાજનપદ હતા ત્યાં જ થયા છે. વધારેમાં વધારે મગધ પછી કૌશલ કાશી એ બધા એમ એરિયામાં ત્યારે આ બધા શહેર હતા.

પછી આવે છે સિદ્ધ ક્ષેત્ર જ્યાં અનંત જીવો સિધ્ધપદને પામ્યા છે સીદ્ધક્ષેત્રમાં સૌથી વધુ જે પોપ્યુલર છે શત્રુંજય. જે આપણે સ્તવનમાં પણ વારંવાર સાંભળીએ છીએ કાંકરે કાંકરે સિદ્ધાં અનંતા.. આપણે એને શાશ્વત તો તીર્થની ઉપમા આપેલી છે. કોઈપણ ચીજ વસ્તુ આમ શાશ્વત ના હોય પહાડ આ પણ શાશ્વત ના હોય પણ એને એક એવો સ્થાન છે એને વિશિષ્ટતા આપવામાં આવી છે કારણ કે મંદિર જે શત્રુંજયનું છે પહેલા પ્રાચીન કાળમાં એટલા મંદિર ત્યાં નહોતા એટલે એ ક્ષેત્રમાં પહેલા ઘણા જીવો ધ્યાન કરીને સદ્ધ ક્ષેત્રમાં ગયા હશે. એનું આજે આખું પહાડ છે શત્રુંજય એ સમયમાં શાશ્વત હતું અને હમણાં સુધી છે આગળ શું થશે એ આપણને નથી ખબર પણ અત્યારે તો એ શાશ્વત તીર્થ છે અને ગિરનાર એ આપણે સૌ જાણીએ છીએ કે હિન્દુ ધર્મ માટે બૌદ્ધ ધર્મ માટે અને જૈન ધર્મ માટે એમ ત્રણેય ધર્મ માટે વિશિષ્ટ છે એ બહુ ઈમ્પોર્ટન્ટ છે કારણ કે અશોક રાજાનું શિલાલેખ ત્યાં છે એ વન ઓફ ધ પ્રાચીન શિલાલેખ છે એટલે તમે જોશો કે આ જેટલી કલ્યાણ ભૂમિ છે એ હિંદુ ધર્મ માટે બુદ્ધ ધર્મ માટે બધા માટે પવિત્ર છે. ત્રણેય ભારતીય ધર્મો એની માટે વિશિષ્ટ છે જેટલા પણ આપણે નામ લઈએ છીએ એ તમે જોશો કે જૈનો માટે વિશિષ્ટ નથી પણ ત્રણે ધર્મ માટે વિશિષ્ટ છે પણ આમાં ધર્મ સહિષ્ણતા દેખાય છે કારણ કે આપણે ધર્મના નામે જેટલા ઝઘડા કરીએ છીએ પણ આ જ ઉદાહરણોથી તમે જુઓ કે આ રીતે આપણને વિવિધ પ્રકારના ક્ષેત્રો દેખાય છે. આ બધા આપણને ભારતની ધર્મ સહિષ્ણુતા દેખાડે છે, આ રીતે જેટલા પણ ક્ષેત્રો

આપણે જોયા એ બધા જ ભારતીય મૂળ માટે મહત્વના ક્ષેત્ર છે. આપણે જેને સિદ્ધક્ષેત્ર કહીએ છીએ એ બધા જ સિદ્ધ ક્ષેત્રમાં પાલીતાણા સૌથી વિશેષ સ્થાન છે અને મગીતુંગી દ્રોણગીરી નૈનાગીરી એવા ઘણા ઘણા તીર્થક્ષેત્ર  સિદ્ધક્ષેત્ર છે જ્યાં અનેક જીવ સિધ્ધગતિને પામ્યા છે. સિદ્ધગતિ એટલે એમાં ઘણા બધા આચાર્યો છે શ્રાવકો છે એની યાદી તો આપણને નથી મળતી પણ વિવિધ તીર્થ કલ્પ- આ એક ઉત્કૃષ્ટ કોટીનું જૈન ગ્રંથ જેમાં બધા જ તીર્થક્ષેત્રની માહિતી આપણને મળે છે. સિદ્ધ  ક્ષેત્રની જ્યારે આપણે વાત કરીએ છીએ ત્યારે એમાં આપણને કોઈ લીસ્ટ નથી મળતું કે કયા કયા અહીં સિદ્ધગતિને પામ્યા છે પણ આપણને વિવિધ તીર્થકલ્પ વડે ખ્યાલ આવે છે આ ગ્રંથમાં બધી જ માહિતી આપવામાં આવી છે.

એ પછી આવે છે અતિશય ક્ષેત્ર. જે અતિશય ક્ષેત્ર હોય ત્યાં કોઈપણ પ્રકારનો ચમત્કાર થયો હોય કોઈને કંઈ પ્રસંગ થયો હોય કોઈને સ્વપ્નમાં ભાસ થયો હોય. સ્વપ્નમાં મૂર્તિ દેખાઈ હોય કોઈ એવો ત્યાં પ્રસંગ બન્યો હોય જેથી એ ક્ષેત્ર અગત્યનું બની જાય અને ત્યાં તીર્થ કરવામાં આવે. જે રીતે પણ હોય અતિષ્ઠાયક દેવો દેખાતા હોય અને એ લોકો પૂછે ત્યારે મહારાજ સાહેબ  ઘણીવાર ત્યાં ખોદકામ કરાવે મૂર્તિઓ નીકળે અને તીર્થની સ્થાપના થાય. આપણે જોઈએ છે કે જેટલા પણ પાશ્વનાથ ભગવાનના તીર્થો છે. 108 પાશ્વનાથ એ બધા જ અતિશય ક્ષેત્ર છે. ત્યાં ક્ષેત્રપાલ છે અધિષ્ઠાયક દેવ છે એ વિવિધ રૂપમાં ત્યાં દેખાવ કરે અને લોકોને લાગે કે કે આ ભૂમિમાં કોઈક એવી શક્તિ છે અથવા તો કોઈક એવો ચમત્કાર છે અને પછી એને અતિશય તીર્થ ઘોષિત કરવામાં આવે. મહુડી છે પાર્શ્વનાથ ભગવાનના 108 તીર્થો  છે. શ્રમણ બેલગોડા છે એ બધા અતિશય ક્ષેત્રમાં આવે છે. આપણે જોઈએ તો અતિશય ક્ષેત્ર એ બધા વધારે ને વધારે પાશ્વનાથ ભગવાનના છે.

છેલ્લું છે કલા ક્ષેત્ર. એ ખાસ કરીને કલાકારીગીરી માટે એ આખા ગુફા નું અથવા તો મંદિરનું નિર્માણ થયું હોય એને કહેવાય કલ્યાણક ક્ષેત્ર જેને રાણકપુર દેલવાડાકુંભારિયા  તારંગા એલોરા આ બધા તીર્થક્ષેત્રો. આ બધા અનેક અનેક ક્ષેત્રો આ બધા ફક્ત કારીગીરી ઉત્કૃષ્ટ કોટી ની જે સ્થાપના છે સ્થાપત્ય છે એની જે મૂર્તિઓ ત્યાં સ્થાપિત કરવામાં આવી છે એમાં

કંઈક એવું અદભુત આપણને એક અદભુત પ્રતિભા મળે છે અથવા તો એ મૂર્તિઓ જે અદભુત રૂપે ત્યાં બની છે કારીગરી માટે વિશેષ રૂપથી બનાવવામાં આવેલા છે. આપણે કહીએ કે આપણે જૈન  છીએ અને વધારે ને વધારે અહિંસા નું પાલન કરીએ પણ જે તીર્થક્ષેત્ર સ્થાપન થાય છે એનો એક મુખ્ય ઉદ્દેશ્ય એ હોય છે અને એનો ધર્મનો ફેલાવો પણ થાય છે અને આપણે જોઇશું કે મેક્સિમમ તીર્થક્ષેત્ર આપણે ગુજરાતમાં રાજસ્થાનમાં મધ્યપ્રદેશમાં સાઉથ ઇન્ડિયામાં જ્યાં જ્યાં જૈનોની વસ્તી વધારે છે ત્યાં વધારે છે. બિહારમાં એક સમયમાં ઘણા હતા પરંતુ હવે એટલા નથી આપણા મેઈન કલ્યાણ ભૂમિને છોડીએ તો બિહારમાં એટલા બધા તીર્થક્ષેત્ર નથી. રાજગીરી ઘણા કલ્યાણ ક્ષેત્રની દ્રષ્ટિએ મહાન ગણાય અને એ જૈન ધર્મ અને બુદ્ધિશમ માટે ઘણું જ અગત્યનું છે મહાવીર સ્વામી અને ગૌતમ બુદ્ધના ઘણા બધા ચાતુર્માસ રાજાગૃહીમાં થયા છે આ તીર્થક્ષેત્રો વળી પાછા બંને શ્રમણ પરંપરા માટે બહુ જ મહત્વના છે. બિહારની જે કલાકૃતિઓ ત્યારે એ બધામાં ફેમસ નથી ફેમસ કારીગરી વાળા જે મંદિરો છે એ ગુજરાત અને રાજસ્થાનમાં છે સ્થાપત્યની કલાની દ્રષ્ટિએ બીજે ક્યાંય એટલા જ નથી. પછી દેવગઢમાં પણ શરૂઆતના સમયમાં દેવગઢ એટલે લલિતપુર ની બાજુમાં 40 કિલોમીટર રિસર્વ ફોરેસ્ટ ની જગ્યા છે ત્યાં બહુ જ  ઉત્કૃષ્ટ કોટી ના મંદિરો બનાવવામાં આવ્યા છે એમાં લગભગ બધી જ મૂર્તિઓ છે એમાં આદિનાથ અને પાશ્વનાથ ભગવાનની મેક્સિમમ મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી છે અંબિકા દેવી ની અદભુત મૂર્તિઓ ત્યાં મળે છે અને બીજું તીર્થંકર ના માતા પિતાની મૂર્તિઓ પ્રમાણમાં બહુ જ પ્રમાણમાં મળે છે. આ એક જ એવું તીર્થક્ષેત્ર છે એટલે આ રીતે દેવગઢ એ વિશેષ તીર્થસ્થાન છે પણ હવે એ વધારે દિગંબર તીર્થક્ષેત્ર છે. મારા મતે તો બધા જ તીર્થક્ષેત્ર જોવા જવા જોઈએ. આદિનાથ ભગવાનની ખડગાસનમાં જટા વાળી મૂર્તિઓ ભારતમાં અન્યાય નહીં મળે જે ત્યાં મળશે. આ ચારેય ક્ષેત્રને જો આપણે વિભાજિત કરીએ આચારેય નું જે મહત્વ હતું એ અલગ હતું. ભારતમાં પ્રાચીન કાળમાં સૌથી મોટું તીર્થક્ષેત્ર ગણાતું હશે એ જ્યાંથી અવશેષ મળ્યા છે એ છે બિહાર એની પછી મથુરા ત્યાંથી અદભુત એવા શિલ્પો મળ્યા છે આયા આયાગ પટ્ટો સ્તુપોના આપણને વિશેષ રૂપે મળે છે પછી ગુજરાત રાજસ્થાનમાં કલાઓનું ડેવલપમેન્ટ થયું છે અને પછી મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને સાઉથ ઇન્ડિયા એ પછીના કાળમાં વધારે આપણને જોવા મળે છે. અમુક તીર્થક્ષેત્રની

આયુ બહુ લાંબી હોય એવા તીર્થક્ષેત્ર હવે ધ્વંશ અવસ્થામાં છે જેમકે મધ્યપ્રદેશમાં બટો પઠારી હવે ત્યાં કોઈ જતું નથી એટલે આપણે ધ્યાન રાખવાનું કે તીર્થક્ષેત્ર પર થોડું થોડું સમય થાય તો એમની પણ ચેન્જ માટેની અવધી હોય એવું નથી કે બધું શાશ્વત છે બધાની એક અવસ્થા હોય છે બધાની એક આયુ હોય છે અને એ આયુ પતે એટલે ધ્વન્સ થાય જ છે. આ એક બોર્ડર છે સંસ્કૃતમાં અને વેદોમાં જેને ઋત કહેવાય છે.

તો આ રીતે આપણે તીર્થોનો ઉદ્ભવ જોઈ શકીએ છીએ મંદિરોમાં પહેલા બધા આયાત પટ્ટો અને સ્તૂપો વંદના કરતા હતા મંદિર નું સ્થાપત્ય થોડું ઓછું છે. સૌથી પ્રથમ મંદિર છે ભારતનુ સાચીનું  જે બૌદ્ધ  મંદિર છે એના પછી જૈન મંદિર અને હિન્દુ મંદિર બંધાવાનું શરૂ થયું પણ અંદાજિત એવું લાગે છે કે દેવગઢમાં સૌથી પહેલા મંદિરો બન્યા હશે કારણ કે હિન્દુ કમ્પ્લીટ મંદિર જેને આપણે કહીએ જેમાં ગર્ભ ગૃહ છે અંતરાલ છે રંગ મંડપ છે અર્ધ મંડપ છે એક કમ્પ્લીટ મંદિરનું અવશેષ મળ્યું છે એ દેવગઢમાં દશાવતાર મંદિર છે. એ રીતે જૈન  આજે 41 મંદિર છે. આખી સાઈડમાં આપણે જોઈએ તો એમ લાગે કે આ પહેલું હશે આ બીજું હશે જેમ જેમ આ મંદિર બને એમ સિમ્પલ થોડા કોમ્પ્લેક્સ હતા એટલે દેવગઢમાં સૌથી પહેલું જૈન મંદિર હોવું જોઈએ અથવા તો એને આપણે રેટિંગ આપી શકીએ. આમાં ઘણા બધા ડિફરેન્ટ ઓપીનીયન્સ છે કારણ કે ઘણા બધા મંદિરો ધ્વંશ થઈ ગયા એ સમય દરમિયાન અને હમણાં આપણને હમણાં આપણને કંઈ દેખાયું ના હોય આ એક પટ્ટો અને સ્તુપો પછી મંદિરોની જે સ્થિતિ કલ્પના આવી છે ગુપ્ત વંશ થી આવે છે. સાચી માં ઇશા પૂર્વે ત્રીજી શતાબ્દી નું મંદિર છે પણ એના પછી એવી કોઈ કન્ટિન્યુટી દેખાતી નથી એ પછી ગુપ્ત વંશમાં વધારે ને વધારે મંદિરો દેખાય છે કારણ કે આ વચ્ચેના કાળમાં બધા ગુફા મંદિરો વધારે છે અને વિહાર ક્ષેત્રમાં ગુફાઓમાં રાત્રે રોકાવાનું ભારતીય પરંપરામાં સાધુઓને હતું. જે જેમકે મંકલી ઘોષાલકના નિયતિવાદી સાધુઓ એ લોકો પણ જેને આપણે આજીવક સંપ્રદાય કહીએ છીએ એ પણ ગુફામાં રહેતા હતા તો એવી રીતે ગુફાઓ ઘણી ઘણી આપણને મળે છે પણ એમાં કોઈ મૂર્તિ નથી મળતી એ કોઈ મંદિરનું સ્થાપત્ય નથી. તો આપણે એવું માની શકાય કે દેવગઢ માં સૌથી પહેલું મંદિર હોવું જોઈએ જૈન અને હિન્દુ બંને મંદિરો.

એ પછી બધા સિસ્ટમેટિક મંદિરો થવા લાગ્યા પહેલા નાના મંદિરો હતા એ પછી એનું વ્યવસ્થિત શાસ્ત્રીય રૂપ ડેવલપ થયું એમાં સ્થાપત્ય ની દ્રષ્ટિએ જે પાંચ મૂળ અંગ મંદિરના હોય એ આપણને પછીના મંદિરમાં જોવા મળે છે. તો આ રીતે વિવિધ રાજ્યોમાં મંદિરો બનવા લાગ્યા અને એનું એક કારણ હતું કે ધર્મનો ફેલાવો મંદિર સાથે જોડવામાં આવ્યો છે.ધર્મ ફેલાવવા માટે આપણને કંઈક આલંબન જોઈએ હજારો લોકો મંદિરમાં જાય એ રીતે મંદિર એક સેન્ટ્રલ સ્પોટ હતું એ ગામ મંદિર હોય કે તીર્થક્ષેત્ર હોય આ બધા જ મંદિરો એક મળવાનું સ્થાન હતું એટલે મંદિરની આસપાસ માર્કેટ ડેવલપ થઈ. તમે જોશો તો સાઉથ ઇન્ડિયાના મંદિરો તો એટલા ભવ્ય હતા કે ત્યાં બધું જ હોય ભોગમંડળ મંડપ લગ્ન મંડપ નૃત્ય મંડપ નાટ્ય મંડપ હોય એવું જૈનોમાં નહોતું સાઉથમાં આવું હતું જેમકે મદુરાઈ આ બધું મંદિરોના કારણે થયેલું છે. મંદિર હોય ત્યાં બધા પ્રકારના લોકો આવે બધી જગ્યાઓથી આવે બધાને મળે પછી પોતાની જરૂરિયાતની ચીજો લે કરે અને જાય અને જે શહેરો બન્યા સિદ્ધક્ષેત્ર જેમ કે બનારસ અયોધ્યા હસ્તિના પુર ઇન્દ્રપ્રસ્થ આ બધા જ કુરુક્ષેત્ર આ બધા ક્ષેત્રની સાથે સંકળાયેલા છે. આ બધામાં આપણે જોઈએ તો થોડા થોડા અંતરે એક સ્થાન હોય શહેર કહેવાય છે એ તીર્થક્ષેત્ર અને આસપાસના ગામના લોકો અઠવાડિયામાં એકવાર આવે કોઈક વારંવાર આવે અને અમુક જે પહાડ ઉપર હોય કે કે દૂર હોય એમાં જીવનમાં એક વાર જવાય અને બધા ના જઈ શકે જે મૂળ યાત્રાના સ્થાન હોય. લોકલ મંદિર હોય એવા જ હોય કે જ્યાં બધા મળે માર્કેટ હોય બધું જ હોય મંદિરની આસપાસ હોય એટલે નાના ગામમાં એક મંદિર તો હોય જ જ્યાં આપણે આપણી રોજની પ્રાર્થના કરીએ. હવે યાત્રા માટે આપણે વિશેષ એવો પ્રયત્ન કરવો પડે ગામના મંદિરને આપણે કહીએ એ કંઈ આપણી યાત્રા ના ચાલે.

તીર્થક્ષેત્રની યાત્રાને એક વિશેષ રૂપ આપવામાં આવ્યું છે એટલે યાત્રાળુ જે વ્યક્તિના બધા જ કામ પૂરા થઈ ગયા હોય જેનો વ્યવસાય જેનો પરિવાર કોઈ ઉત્તરદાયિત્વ નથી જીવનમાં એના જેટલા બી કર્તવ્ય છે ધર્મ છે એ બધા પૂરા થઈ ગયા છે પછી જ યાત્રા કરવાનું એક નિયમ હતો. એટલે આપણા ઉપર કોઈ કરજો ન જોઈએ જેમકે મુસ્લિમમાં પણ હોય જ એમ જ ના જઈ શકાય તમારું આખું કર્તવ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી યાત્રાના જઈ શકાય કારણ કે

એટલે યાત્રા એટલે પાછું આવું કે નહીં એની કોઈ ગેરંટી નહીં એને યાત્રા કહેવાય. યાત્રાળુ એટલે જે જાય પણ પાછો આવશે એની કોઈ ગેરંટી નહીં એ અંતિમયાત્રા છે કે આપણે એ સંન્યાસ એ દૃષ્ટિએ થી જવાનું છે એટલે આપણે જ્યારે પણ યાત્રા કરીએ ત્યારે એ દ્રષ્ટિએ જવાનું કે હું પાછો આવીશ મારે આવું જરૂરી નથી કે મારું કંઈ કામ નથી રહ્યું. મારું બધું જ કામ પતી ગયું છે એને યાત્રાળુ કહેવાય અને આપણને ખબર છે કે આપણા બધા જ પૂર્વજો બાપદાદા હતા એ બધું પતી જાય રીટાયર્ડ થઈ પછી જ યાત્રાએ જાય. એનું કેટલું મહિમા હતું પહેલા મળવા આવે છે બધા લોકો પહેલા મળવા આવે એ જાય ત્યાં સુધી બધા એમને મોકલવા જાય આવે તો પાછું એમનું એટલું સન્માન કરે અને એવી દૃષ્ટિએ જાય કે સુખરૂપ યાત્રા થઈને જ પાછા આવ્યા તો ઠીક અને નહીં આવ્યા તો પણ ઠીક તો એવું પછી મનમાં સંદેહ કે મોહ રાખવો નહીં કે ઘરે પાછા જવું છે. આજની આપણે જે યાત્રા કરીએ કે સવારના જઈએ દર્શન કરી પાછા આવીએ એ ટાઈમ બાઉન્ડ છે. હવે આપણને બહુ બધી સુવિધાઓ પણ મળે છે એને આપણે યાત્રા ના કહી શકીએ કારણ કે એ આપણી રિટર્ન જની થઈ ગઈ છે આપણે આટલા ટાઈમમાં હું અહીં જઈશ ત્યાં જઈશ આમ કરી લઈશ આપણું ટાઈમ ટેબલ ત્યાં જઈએ આપણે યાત્રાના કહી શકીએ. એમાં પહાડ ચડતી વખતે આપણે દુનિયાભરના ની વાતો કરીએ અને અનેકવિધ પ્રવૃત્તિ કરીએ એને યાત્રાના કહી શકીએ અને એન્ટરટેનમેન્ટ ટુર કહી શકાય આપણે જઈએ છીએ એને આપણે યાત્રા નું નામ ન આપી શકીએ. આપણે યાત્રા કરતી વખતે આપણે કોઈ નિયમનું પાલન કરતા નથી.

આપણે જઈએ છીએ ત્યારે રાત્રિ ભોજન પણ કરીએ છીએ કોઈપણ વસ્ત્ર ધારણ કરી જઈએ છીએ કયા ક્ષેત્રમાં કયું પરિધાન પહેરવું એટલો પણ વિવેક આપણે હવે રહ્યો નથી એટલે આ દેખાય છે કે આ યાત્રા નથી અને એન્ટરટેઇનમેન્ટ જ કહી શકાય. આપણે જેને આ ધર્મના નામ આપીએ છીએ એ આપવું જ ન જોઈએ એટલે યાત્રા નું એક વિશેષ મહત્વ હોય છે જ્યારે આપણે ત્યાં જઈએ છીએ ત્યાં માનો કે આપણે કલ્યાણક ભૂમિમાં ગયા છીએ તો ત્યાં ભગવાન સિવાય બીજું કંઈ ના હોય બીજું કોઈ આપણને દેખાય જ નહીં આપણા ચિત્તમાં મનમાં અને આપણી જે યાત્રા છે હોવી જોઈએ એ આત્મનિર્જરાની દ્રષ્ટિએ હોવી જોઈએ .કોઈ પ્રકારનું રાગ

દ્વેષ  મોહ માયા આ બધું જ કંઈ ના હોવું જોઈએ આ આપણી યાત્રા છે આ કોઈ કોટ યાત્રા નથી કે આપણે બધાને કોટિંગ કરવું જોઈએ આપણે કોઈ જર્નાલિસ્ટ નથી કે મિનિટે અપડેટ કરીએ તો આમાં મુક્તિ કેવી રીતે મળે આપણે જ પોતાનું બોન્ડે જ છે આજે આઈડિયા છે એને એને યાત્રા કહી જ ન શકે. જો આપણે સાચા દિલથી યાત્રામાં જતા હોઈએ તો આ બધું પાછળ છોડી દેવાનું. આપણે આવશું નહીં આવે તો આવ્યા તો પણ કંઈ ફરક પડતો નથી આપણે કંઈ જગતના પહેલા જીવ નથી કે જે યાત્રા પર જઈએ અને પાછા નથી આવવાના તો જ એનું મહત્વ હોય આપણે એવા દ્રષ્ટિથી જવું કે કે મને ભગવાન સિવાય મારા આત્મદર્શન સિવાય બીજી કોઈ પણ ચીજ મને દેખાય નહીં. મને મનમાં ન આવવી જોઈએ અને ત્યાં જઈએ છીએ તો ત્યાંનું ભરપૂર વાઇબ્રેશન્સ જે આટલા બધા લોકો ગયા હોય એના જે ત્યાંના વાતાવરણમાં જે એમની પુરુષાર્થની અથવા તો એમની ધર્મ કર્તવ્યની જે ગાથાઓ છે એની આપણે વારંવાર અનુપ્રેક્ષા કરવી જોઈએ કે કેવું કેવી રીતે એક એક મહિનાનો સલ્લેખના વ્રત કરીને સમિત શિખર અથવા પાવાપુરી બધે જ જે તીર્થંકરો છે એ લોકો બધાએ સાધના કરી.

કોઈપણ યાત્રા આમ સરળ ના હોય ગયા મજા કરી અને આવી ગયા એવું નહીં પણ યાત્રા એ કષ્ટપૂર્ણ હોય જ કારણકે ત્યાં નિર્જરા જ છે આ કોઈ એક પ્રકારની અનાઉન્સમેન્ટ કરવા માટે નથી જ કરવા માટે નથી જતા પણ આપણે એટલા માટે જઈએ છીએ કે ત્યાં તો એટલીસ્ટ આપણે જીવનનું આપણે 100% આપણામાં રહીએ. બીજી કોઈ પણ આપણે જીવન રિલેટેડ વાતો ત્યાં ના હોય આપણે એમ જ કહીએ કે મારે સો યાત્રા કરવી છે પાછા આવવાની દ્રષ્ટિએ કરું અને વચ્ચે સો  ફોન કરું અને બધું શિડ્યુલ માં છે એ બધું જોયા કરું આને યાત્રા ના કહી શકાય. યાત્રા એટલે નિર્જરા તીર્થક્ષેત્રનું આપણે પૂરેપૂરું આનંદ લઈએ એ ક્ષેત્રનું આપણને જેટલું પણ અનુભવ થાય એક એક કણનો આપણને જે અનુભવ મળે છે એ અનુભવ આપણને થવા જોઈએ આપણને પોતાની આત્માથી એમાં શાંતિ મળવી જોઈએ આપણને પોતાને એવું થવું જોઈએ કે મારું હવે કંઈ બચ્યું નથી. આ  ક્ષેત્રમાં મારું આટલું બધું તપ થઈ શકે તીર્થક્ષેત્રમાં મને આટલા બધા મેક્સિમમ અનુભવો થવા જોઈએ ને પણ તીર્થંકર ભગવાન જેવી દેવ જેવી સ્થિતિ થાય. એવી દ્રષ્ટિએ આપણે કરવું જોઈએ એટલે બધા જ સાથે આપણે

જઈએ તો શું થાય અનેક અનેક વાતો અને અનનેસેસરી બધું થાય યાત્રા એટલા બધા પ્રશ્નોથી આપણે મુક્ત થઈ જઈએ એટલે મને મળશે તો હું ખાઈશ મને છત મળશે તો ત્યાં જ રહીશ એ ભાવના હોવી જોઈએ આ દૃષ્ટિ અને આ કઠિનાઈ એ યાત્રા છે કારણ કે આમાં આ કોઈ સુખ સુવિધા માટે આપણે જતા નથી પણ આપણે એ જગ્યાની દિવ્યતા એમાં જે પવિત્રતા છે એમાં આપણને પવિત્રતાનો અનુભવ થાય અને કોઈપણ સંસારિક સુખ ના અનુભવ માટે આપણે જતા નથી. આ બધું જ આત્મિક સુખ જેને આપણે કહીએ આધ્યાત્મિક સુખ અને ત્યાં શરીરને આપણી એવી કોઈ પર્વાહ  પણ ના હોવી જોઈએ જે થશે એ થશે શરીરથી પણ પર આપણને જે કરાવ્યું એ છે તીર્થક્ષેત્ર અને એ છે યાત્રા તો યાત્રા દરમિયાન આપણે ક્યારે પણ જઈએ તો એવી રીતે જોઈએ કે હું પાછો આવવાનો નથી હું પાછી આવવાની નથી આ મારી અંતિમયાત્રા હોઈ શકે પણ મૌન પાળો જેટલું થાય એટલું વધારે ને વધારે એકલા જવાની અમુક ઉંમરમાં એકલાનો જઈએ પણ એવી રીતે જવાની કોશિશ કરવી એ લોકો સાથે વાતો ઓછી કરવાની થાય, આપણે આટલા કષ્ટ કરીએ આપણે ઘરેથી જઈએ ત્યારે ઉપર જઈને આપણે ઝઘડા કરીએ એ યોગ્ય નથી. આપણા માટે યાત્રાનો જે આખો ઉદ્દેશ છે એને આપણે ખોઈ નાખીએ છીએ. આ બધું કરતા જ્યારે પણ યાત્રા કરવા જાઓ ત્યારે એટલો નિયમ તો પાલન કરો કે મને પૂજા મળશે પણ આપણે રહી નથી શકતા આગળ નહીં તો પાછળ ક્યાંય આપણને આ કરી શકતા નથી આવી પરિસ્થિતિમાં આપણે જ્યારે જોઈએ છીએ તીર્થ  ક્ષેત્રમાં જઈને ક્રોધનો ભાવ આવે છે.

આપણા બધા ક્ષેત્ર છે એ પહાડ ઉપર હોય છે હિન્દુ ક્ષેત્ર બધા નદી પાસે હોય છે એટલે એમને એટલું કષ્ટ નથી પડતું ત્યાં જૈન ક્ષેત્રમાં કષ્ટ કર્યા વગર યાત્રાનું ફળ મળતું નથી ત્યારે આપણે ક્યારે પણ આવા ક્ષેત્રમાં જઈએ ત્યારે આ બધા વિચારો આ બધું કોઈની સાથે કરવું નહીં. આ કોઈની સાથે લડાઈ-બડાઈ કરવી ના જોઈએ ભલે આપણે ટાઈમ baund યાત્રા પણ કરીએ છીએ આપણે ત્યાં જઈએ છીએ કંઈક પોઝિટિવિટી લાવવા માટે અને ત્યાંની આવી મેમરી જ રાખીને શું ફાયદો તો એટલા માટે ભગવાનના દર્શન થવા આ ક્ષેત્ર અને બે મિનિટ આપણે આંખો બંધ કરીએ ભગવાનને આપણા હૃદયમાં જોઈએ એ પણ પૂજાથી મોટો લાભ છે એ

કરવો જોઈએ. ત્યાં જઈને આપણે મોહનીય કર્મ બાંધીએ એ સૌથી બરાબર નથી ત્યાં જઈને ફક્ત મૂર્તિ સાથે ધ્યાનમાં આપણે બેસીએ એ ઉત્કૃષ્ટ છે ત્યાં જઈને પૂજા ના કરી પણ નવકારવાળી ગણીએ ધ્યાન કરી એ પણ ઉત્કૃષ્ટ જ છે એટલે દ્રવ્યથી જ બધું થાય છે એવું નથી. ભાવ સારા રાખવાથી બધાને સહાયતા કરવાથી સારી પોઝિટિવિટી ફેલાવાથી એ બહુ મહત્વનું છે અને બીજાને પણ નેગેટીવ ભાવ નહીં આપવા કોઈ ચીજમાં કોઈ ફરક નથી પડતો આપણો ભાવ શુદ્ધ રાખી એ મહત્વનું છે આપણે કોઈને દુઃખ નહીં આપીએ એવી યાત્રા કરીશું એ ઉત્કૃષ્ટ છે આપણે પૂરેપૂરું સંયમ રાખીએ એટલીસ્ટ એ સમય દરમિયાન ફોલો કરીએ બધા જ અણુ વ્રતોને ફોલો કરીએ આ સમય દરમિયાન તો એ વ્રતોનું પાલન કરીએ તપ ના થાય એનો વાંધો નહીં પણ વ્રતનું તો પાલન કરવું જ જોઈએ તપ કરો એ ઉત્કૃષ્ટ છે જ પણ બીજી બધી વ્યવહારિક વાતો ના કરીએ એ પણ મહત્વનું છે. એટલે વ્રત આદી આપણે ત્યાં જઈને ભૂલી જઈએ છીએ કારણ કે આપણને બહુ ઉતાવળ હોય છે આપણે આટલા દૂર ભગવાનના દર્શન કરવા જોઈએ છે અને ત્યાં જઈને આવું બધું જ્યારે વિચારીએ છીએ એનો કોઈ અર્થ રહેતો નથી.

યાત્રાળુ એ જીવનની ઉત્કૃષ્ટ યાત્રા છે જેમ આપણે એક સાધુ અલગારી જેનું કોઈ નથી એવી રીતે જવાનું છે એને યાત્રાળુ કહેવાય એને મનમાં શાંતિ હોવી જોઈએ એની જેટલી પણ પ્રકૃતિઓ છે કર્મની એ શાંત થવી જોઈએ ત્યાં જઈને આ બધા વિચાર આવવા જોઈએ નહીં ત્યાં જઈને ચંડકૌશિકની સ્ટોરી યાદ કરવાની ચંદનબાળા સ્ટોરી યાદ કરવાની ની મહાવીર સ્વામીને ખીલા ઠોકાયા એ યાદ કરવાનું યાદ કરવાની યાદ કરવાના હજાર દિવસો છે સંસારને યાદ કરવાના હજાર દિવસો છે પણ યાત્રા માટે આપણે જોઈએ ત્યારે ખાસ કરીને આપણે ધ્યાન રાખવું જોઈએ કે કોઈ પ્રકારનું મોહનીય કર્મ બિલકુલ ના કરવો જોઈએ અને વ્રતોનું પણ પાલન તો કરવું જ જોઈએ આટલું તો મિનિમમ કરવું જોઈએ અંતિમયાત્રા થતી હોય તો તો આ ઉત્કૃષ્ટ છે આપણા જીવનનું ધ્યેય પૂરું થઈ ગયું અને પૂરું થયા પછી અને તીર્થક્ષેત્ર જેવી જગ્યા છે એ તો ખૂબ જ અલગ છે. એવું મૃત્યુ આપણને મળતું હોય તો તો બહુ જ સરસ કહેવાય ઘણી વખત આપણે સાંભળ્યું છે કે આઠમ કરતા શંખેશ્વર પાર્શ્વ નાથ ભગવાનના

ભક્તો છે ત્યાં જ ઢળી જતા હોય છે આથી ઉત્કૃષ્ટ બીજું શું હોઈ શકે તો આ બધું વિચારવાનું ન હોય ત્યારે આપણે આટલો સમય આપીએ છીએ પ્લાનિંગ કરીએ છીએ તો ત્યાં જઈને થોડો સમય સંયમ આપણને રાખવો જોઈએ. ક્યાંક અને એક પ્રકારનું જે દુર્લભ વાતાવરણ છે રોજના જીવનમાં આપણને આવા વાતાવરણ મળતા નથી આપણે કલેશ અને ઈચ્છાઓથી ભરેલા છીએ એટલે એ સમય દરમિયાન આ કંઈ પણ આપણને યાદ ના આવવું જોઈએ એવી યાત્રા થવી જોઈએ અને જેટલાતીર્થક્ષેત્ર છે એને તમે વિચાર કરજો કે કેવી દુર્ગમ જગ્યાઓમાં છે જે આપણા મૂળ તીર્થક્ષેત્ર છે ક્યાંક અને ભગવાનનું રહેઠાણ કેમ છે તેવું આટલા દૂર ચાલ્યા ગયા આવા પહાડો પર ગયા એક મહિનાના સલેખનાના અભિગ્રહો કર્યા એનો વિચાર કરવો જોઈએ આ બધા પ્રશ્નોથી આપણી નિર્જરા થઈ શકે છે એટલે ઓલવેઝ નાના મોટા ઘરના દેરાસરની બહારના દેરાસરની જે પણ બે મિનિટ દસ મિનિટ તમે દર્શન કરો જીવનની એ આપતા હો ત્યારે એ સમયમાં દુનિયાને બધું જ ભૂલી જવાનું પણ યાત્રા જ્યારે પણ કરો એટલા નિયમથી કરો એનો ઉદ્દેશ્ય જ એ છે આપણે યાત્રાળુ છીએ અને ફાઇનલી ફાઇનલ જર્ની માટે જઈએ છીએ જે આપણા જીવનના બધા જ કર્તવ્ય અંત છે અને જીવન નો અંત થાય  સારું તો એનાથી બીજું કંઈ સારું નથી. આપણે જ્યારે પણ તીર્થક્ષેત્રમાં જઈએ છીએ દરેક તીર્થક્ષેત્રનો ઉદ્દેશ્ય અલગ હોય છે અને ત્યાંનું જે બંધારણ છે એ આખું અલગ છે તો એ જ વાતાવરણમાં એનો અનુભવ આપણને કરવો જોઈએ. કલા ક્ષેત્ર છે તો કલા ને જોવું જોઈએ કલ્યાણ ક્ષેત્ર છે તો એ પ્રકારનો અનુભવ કરવો જોઈએ એટલા માટે તીર્થક્ષેત્ર વિવિધ પ્રકારના છે એનું પર્પસ પણ વિવિધ છે એ પર્પસ આપણે બધે ત્યાં અનુભવવાનું છે.

*************************************************************